# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : exambknmu@gmail.com


**પરીપત્ર:**

વિષય: આગામી પરીક્ષાઓ દરમિયાન સૂચનાઓનું પાલન કરવા બાબત.

સંદર્ભ: ૧) યુ.જી.સી., ન્યુ દિલ્હી ના પરીપત્ર ક્રમાંક F-1-1/2020(Secy), તા.૦૬/૦૭/૨૦૨૦.

૨) રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તા.૦૮/૦૭/૨૦૨૦ તેમજ વખતો-વખતનાં પરીપત્રો.

૩) મદદનીશ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંક એમએજી/સી/૯૭૯/૨૦૨૦, તા.૨૧/૧૧/૨૦૨૦.

૪) પરીક્ષા સંચાલન સમિતિની તા.૨૭/૧૧/૨૦૨૦ ની બેઠકની કાર્યવાહી નોંધ.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડાઓ અને તમામ કોલેજના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ તમામ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા ડિસેમ્બર-૨૦૨૦ તથા જાન્યુ.-ફેબ્રુ/૨૦૨૧ દરમિયાન લેવાનાર યુ.જી. (ALL)/ એલએલબી સેમ. ૧, ૩, ૫ તથા પીજી. (ALL)/ બીએડ. સેમ. ૧, ૩ ની પરીક્ષાઓ દરમિયાન નીચે મુજબ દર્શાવેલ સૂચનાઓનું ફરજીયાતપણે પાલન કરવાનું રહેશે જેની ખાસ નોંધ લેશો.

## <u>પરીક્ષા કેન્દ્ર સંચાલક તેમજ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચનાઓ</u>

(૧) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા શરૂ થતા પૂર્વે અને પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓનું સમુહ ભેગા ન થાય અને સામાજીક દુરી જળવાઈ રહે તેની કાળજી લેવી.

(૨) પરીક્ષા કેન્દ્રના નજીકના આરોગ્ય કેન્દ્ર સાથે પરામર્શ કરી મેડિકલ ટીમ, ડૉક્ટર જરૂરિયાત મુજબ હાજર રહે તેવી વ્યવસ્થા કરવી.

(૩) પરીક્ષા કેન્દ્રમાં દરરોજ પ્રથમ પરીક્ષા શરૂ થતા પહેલા અને બીજી પરીક્ષા શરૂ થતા પહેલા વપરાશમાં લેવાયેલ બ્લોકને સાફ સફાઈ અને સેનિટાઈઝ કરાવવાના રહેશે.

(૪) પરીક્ષા કેંન્દ્રમાં પસંદ કરેલા દરેક બ્લોકમાં આવવા જવાના રસ્તાઓ અલગ રાખવા અને હવા ઉજાસ જળવાઈ રહે તેની તકેદારી રાખવી.

(૫) પરીક્ષા કેન્દ્રના દરેક બ્લોકમાં હેન્ડ સેનેટાઈઝર ફરજિયાત રાખવાનુ રહેશે.

(૬) પરીક્ષા કેન્દ્રમાં જરૂરિયાત મુજબનો સ્ટાફનો ઉપયોગ કરવો.

(૭) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થી પોતાની પીવાની પાણીની બોટલ લઈ આવે તે માટે આવશ્યક સુચના આપવી.

(૮) દરેક પરીક્ષા કેન્દ્રોમાં વિદ્યાર્થીઓ તથા તમામ કર્મચારીઓને ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના કોવિડ – ૧૯માં આપેલ તમામ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેવા કે Social Distance, Hand Sanitizer, Mask ફરજિયાત પહેરવાનું રહેશે તેમજ પરીક્ષા કેન્દ્રમાં રોકાયેલા કર્મચારીઓએ Hand Gloves (હાથ મોજા) ફરજિયાત પહેરવાનાં રહેશે.

(૯) પરીક્ષા કેન્દ્ર ખાતે શરીરનું તાપમાન માપવા માટેની Temperature gun ફરજિયાત વસાવવાની રહેશે તેમજ પરીક્ષાર્થીને એન્ટ્રી વખતે Temperature ફરજિયાત માપવાનું રહેશે. જેમાં જે પરીક્ષાર્થીને Temperature વધુ આવે તે પરીક્ષાર્થીને યોગ્ય સારવાર મળે તે મુજબની વ્યવસ્થા કરવી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના ગાઈડલાઈન મુજબ પાલન કરવાનુ રહેશે.

(૧૦) દરેક પરીક્ષાર્થીએ આ સાથે સામેલ બાહેંધરીપત્રક ભરીને વર્ગ નિરીક્ષકશ્રીને ફરજીયાતપણે સુપ્રત કરવાનું રહેશે તથા પરીક્ષા કેન્દ્ર દ્વારા આ બાહેંધરી પત્રકો અલગથી ફાઈલમાં સાચવવાના રહેશે અને યુનિવર્સિટી જ્યારે મંગાવે ત્યારે રજુ કરવાના રહેશે.(બિડાણ – ૨)

(૧૧) પરીક્ષા કેન્દ્રોમાં બ્લોકની બેઠક વ્યવસ્થા યુજીસીના માર્ગદર્શન મુજબ કરવાની રહેશે. (બિડાણ – ૩)

(૧૨) પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારની ગેરરીતી ના થાય તેના માટે પુરતી તકેદારી રાખવી.

(૧૩) પ્રથમ વખત પરીક્ષા ત્રણ સેશનમાં લેવાતી હોય પરીક્ષા સાથે જોડાયેલા તમામ કર્મચારીઓ સમયસર સભાનપણે અને તકેદારી સાથે કાર્ય કરે તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૧૪) કોવિડ – ૧૯ ની પરિસ્થિતિને કારણે કોઈ પણ પ્રકારના ફેરફાર થશે તો જાણ કરવામાં આવશે.

પરીક્ષા નિયામક

ક્રમાક/બીકેએનએમયુ/પરીક્ષા/૧૩૪૨/૨૦૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,ખડીયા, જુનાગઢ.

તા.૦૮/૧૨/૨૦૨૦

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનના વડા તેમજ તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

**નકલ સાદર રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

(૨) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થ..

(બિડાણ-૨)

# બાંહેધરી પત્રક

આથી હું નીચે સહી કરનાર________________________________ બાંહેધરી આપુ છું કે, મને છેલ્લાં ૧૦ દિવસથી સામાન્ય બિમારીઓ જેવી કે કફ, સામાન્ય શરદી, તાવ, શ્વાસ લેવામાં તકલીફ, ગંધ અને સ્વાદની પરખવાની ક્ષમતા ગુમાવવી વગેરે પ્રકારના લક્ષણો જોવા મળેલ નથી. હું સંપૂર્ણ સ્વચ્છ છું અને સ્વેચ્છાએ પરીક્ષા આપુ છું. ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલી COVID-19 નિવારક માર્ગદર્શિકા પ્રમાણે હું દરેક નિયમોનુ પાલન કરીશ.

કોલેજનું નામઃ- ______________________________________

વિધાશાખા અને વર્ષઃ- _________________________________

| ____________________ | ________________________ | __________________ |
|---|---|---|
| પરીક્ષાર્થીના સીટ નંબર | પરીક્ષાર્થીની સહી | મોબાઈલ નંબર |

તારીખઃ- સ્થળઃ-

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY
JUNAGADH
|| तमसो मा ज्योतिर्गमय ||

(બિડાણ-3 )

Annexure

SAMPLE SEATING PLAN

| Col.1 | Col. 2 | Col.3 | Col.4 |
|---|---|---|---|
| Candidate's Roll No. | Candidate's Roll No. | Candidate's Roll No. | Candidate's Roll No. |
| 1 | 4 | 7 | 10 |
| Empty | Empty | Empty | Empty |
| 2 | 5 | 8 | 11 |
| Empty | Empty | Empty | Empty |
| 3 | 6 | 9 | 12 |
| Empty | Empty | Empty | Empty |